## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




મેમ... આ તો તમે કહો છો એટલે લખુ છુ કે દુનિયા ગોળ છે.. બાકી મારા ડેડી રોજ કહે છે કે દુનિયા હરામખોર છે...!!

## પાવન પર્યુષણ (છઠ્ઠો દિવસ)

પ.પૂ.આચાર્ય ભગવન્તશ્રી નરરત્ન સૂરીશ્વરજી મ. સાહેબની અમૃતવાણી

### તર્ક પ્રધાન વ્યક્તિત્વ માટે અણમોલ અવસર

કોઈપણ માણસને તમે કાંઈ પણ આપો એટલે તરત જ તર્ક કરે કે આ જ કેમ આપ્યું ? બીજું કાંઈ કેમ ના આપ્યું ? તમે માણસને કાંઈ કહો તો તેનું મન તરત તર્કો કરેશે કે આમ જ કેમ કહ્યું ? અથવા મને જ કેમ કહ્યું ? મતલબ કે માનવ મન તર્ક ખૂબ કરે છે કેમ ? શા માટે ? કેવી રીતે ? આ બધા પ્રશ્નાર્થ શબ્દો આપણે ખુબ જ વાપરીયે છીએ અને આપણી આ પરિસ્થિતિ સમજીને ભગવાને ધર્મના દરેક તત્વોની પાછળ તેના તર્ક




સ્પષ્ટ રીતે બતાવ્યા છે. કાળના પ્રવાહમાં કેટલીક બાબતના વિઝન પ્રાપ્ત ન પણ થતા હોય તો પણ મહત્તમ બાબતો વિશે આપણા મનની શંકાઓ નિર્મૂળ બની જાય એટલે બાકીની બાબતો પણ સાચી માની લેવી જોઈએ.

ખીચડીના ૨-૪ દાણા દબાવો એટલે ખબર પડી જ જાય કે ખીચડી પાકી છે કે કાચી ? તો પર્યુષણના છઠ્ઠા દિવસે કલ્પસુત્રમાં સવારના પ્રવચનમાં ભગવાનનું બાળપણ અને યૌવન વિશે વાત આવે છે. દીક્ષા ગ્રહણ, સાધના અને કઠોરા તપશ્ચાની વાત પણ સવારે આવી જાય છે. પછી બપોરના પ્રવચનમાં ગણધરવાદનું અદ્ભુત પ્રવચન થાય છે. ભગવાન મહાવીર સર્વજ્ઞ અર્થાત કેળવ જ્ઞાની થયા ત્યાર પછી તેમણે પ્રથમ દેશના આપી તેનો કોઈ જીવને દીક્ષા ગ્રહણના ભાળ ન થયા. તેથી ભગવાને બીજા દિવસે (વૈશાખ સુદ ૧૧)ના અન્યત્ર જઈ દેશના આવી ત્યાં ૧૧ મોટા પંડિત બ્રાહ્મણો યજ્ઞ કરતા હતા. તેઓ આ દેશમાં ભગવાન મહાવીરને યાદ કરીને હરાવવા આવ્યા પણ ભગવાને તે બ્રાહ્મણોની મનની તત્વ વિશેની શંકા પ્રગટ કરી તેનો અદ્ભુત જવાબ વેદના જ વાક્યોના સમ્યગ અર્થઘટન કરીને આપ્યા. આ જવાબ દ્વારા તે બ્રાહ્મણોની શંકા નિર્મૂળ થઈ. તે ૧૧ મહા પંડિત બ્રાહ્મણોએ પોતાના ૪૪૦૦ (ચાર હજાર ચારસો) શિષ્યો સાથે ભગવાનનું શિષ્યત્વ સ્વીકાર્યુ. જૈન દિક્ષા અંગીકાર કરી. ચંદન બાળા વિગેરેએ જૈન સાધ્વી દીક્ષા ગ્રહણ કરી અને સેંકડો લોકો શ્રાવક-શ્રાવિકો રૂપે ભગવાનના ગૃહસ્થ અનુયાયી તયા આમ, ભગવાને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

બસ, આ ૧૧ મહાપંડિત બ્રાહ્મણોને જે શંકાઓ હતી એ આજની પેઢીને પણ છે જે આત્મા છે કે નહી ? પરલોક છે કે નહી ? સ્વર્ગ-નરક છે કે નહી ? મોક્ષ છે કે નહી ? પુણ્ય-પાપ છે કે નહી ? આવી જ શંકાઓ તે મહા પંડિતોને હતી પણ ખુબી એ હતી કે આવી શંકાઓ સંદર્ભે તેમના મનનો દરવાજો ખુલ્લો હતો. હું મારી માન્યતા જ સાચી એમ માનવાની મૂર્ખામી કરવાના બદલે તેઓ જ્યાંથી સાચુ જાણવા મળે ત્યાં જવા તે સમજવા અને તે સાચુ લાગે તો પોતાની માન્યતા છોડીને તે માન્યતા સ્વીકારવા તેઓ તૈયાર હતા અને માટે જ એમને સાચો જવાબ મળતા સત્ય સ્વીકારી લઈ સાચા માર્ગે ચઢી જતા ખચકાયા નથી.

ઉલ્લેખનીય છે કે એ મહાવિદ્વાન બ્રાહ્મણ ૧૧ પંડિતોએ ભગવાન મહાવીર સ્વામીના મુખ્ય શિષ્યો તરીકે પ્રસ્થાપિત થવા જેમને જૈન પરિભાષામાં ''ગણધર'' કહેવાય છે. આ ગણધરો પાસેથી ''સાચુ તે મારુ'' ની નિખાલસ કબુલાતના ગુણની માંગણી કરવી જોઈએ અને ગણધરવાદનું પ્રવચન અવશ્ય સાંભળવું જોઈએ.

# શહેરમાં વધુ ૬ મી.મી. વરસાદ

## મોસમનો કુલ વરસાદ ૪૮૭ મી.મી. સુધી પહોંચ્યો : તાપમાન વધતા બફારો વધ્યો

ગાંધીનગર, તા. ૨

શ્રાવણ માસના અંતિમ દિવસે શહેરમાં વધુ ૬ મી.મી. વરસાદ પડતા મૌસમનો કુલ વરસાદ ૪૮૭ મી.મી. સુધી પહોંચી ગયો છે.

શ્રાવણ માસના અંતિમ દિવસોમાં પણ ગાંધીનગર સહિતના વિસ્તારોમાં છુટોછવાયો વરસાદ નોંધાયો હતો. શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ક્યારેક ઉઘાડ તો ક્યારેક વરસાદી વાતાવણ રહે છે. ગઈકાલે પણ દિવસ દરમ્યાન શહેરના જુદા જુદા વિસ્તારોમાં વરસાદી ઝાપટુ પડ્યુ હતુ. મોડી રાત્રે ફરીથી જોરદાર ઝાપટુ પડતા માર્ગો પાણી પાણી થઈ ગયા હતા.

રાત્રી દરમ્યાન લગભગ ૬ મી.મી. વરસાદ પડતા મૌસમનો કુલ વરસાદ ૪૮૭ મી.મી. સુધી પહોંચી ગયો છે. જો કે દિવસ દરમ્યાન વારંવાર ઉઘાડ નીકળતા મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી સુધી પહોંચ્યું હતુ જેના કારણે બફારો વધ્યો હતો.




### અન્નનો વ્યય અટકાવવા ટીસીએસનું પ્રેરણાત્મક પગલુ

આપણા દેશમાં આઝાદીના ૭૦ વર્ષે પણ લાખો નાગરિકોને એક ટંક પુરતુ ભોજન પણ નસીબ થતુ નથી. અસંખ્ય ગરીબ નાગરિકો ભૂખ્યા પેટે સૂઈ જાય છે. જ્યારે બીજી તરફ સંપન્ન વર્ગ દ્વારા અઢળક માત્રામાં અન્નનો વ્યય કરાય છે. તે પણ એક વરવી વાસ્તવિકતા છે. જો કે આ બાબતે હવે દેશમાં ધીમે ધીમે જાગૃતિ આવતી જાય છે. ગાંધીનગરની પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય કંપની ટીસીએસ દ્વારા આ બાબતને ગંભીરતાથી લેવામાં આવી રહી છે. ટીસીએસ ગરિમાપાર્કની સ્ટાફ કેન્ટિનમાં મુકાયેલા આ બોર્ડ પરથી કંપની ''અન્નના વ્યય''ને અટકાવવા કેટલી ગંભીર છે તે પ્રતિત થાય છે.

# સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે મહિલા કાનૂની શિબિર યોજાઈ

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગરના ઉપક્રમે જાણીતી સંસ્થા જયોતિ મહિલા મંડળ દ્વારા સે-૨૨ પંચદવ મંદિર ખાતે ખાસ મહિલાઓ માટે એક કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પેરાલીગલ વોલન્ટર્સ સુધીર દેસાઈ દ્વારા સીનીયર સીટીઝન્સ અને પેરન્ટસ મેઈનટેનન્સ એકટ ૨૦૦૭ વિશે રસપ્રદ માહિતી પુરી પાડવામાં આવી હતી. જયારે પી.એલ.વી. વિમળાબેન અયાચી દ્વારા મહિલાના અધિકારો વિશેની કાયદાકીય વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. જ્ઞાનદેવી ઉપાધ્યાયની પ્રેરણાદાયી ઉપસ્થિતિ સાથે આ કાર્યક્રમની શરૂઆતમાં મહિલા મંડળના પ્રમુખ લતાબેન ચોકસીએ સ્વાગત પ્રવચન દ્વારા અભિવાદન કર્યું હતું.



ગણેશ ચતુર્થીના આગમનને ગણતરીના દિવસો જ બાકી છે. ત્યારે નગરમાં ઠેર ઠેર ગજાનની મૂર્તિઓનું વેચાણ શરૂ થઈ ગયું છે. રૂ. ૧૦૦૦થી લઈ ૧૧ હજાર સુધીના અને દોઢ ફૂટથી લઈ પાંચ ફૂટ ઊંચાઈની મૂર્તિઓ વેચાણમાં આવી ગઈ છે. લાલબાગકા બાદશાહ સૌથી વધુ કિંમતની મૂર્તિ ગણવામાં આવે છે. છેલ્લા ૮ વર્ષથી કુબેરનગરથી આવતા મૂર્તિ બનાવનાર મહેશભાઈના કહેવા પ્રમાણે ગણેશચતુર્થીના ૨ દિવસ પહેલા જ ભક્તો આવી ગજાનની સ્થાપના કરવા લઈ જાય છે. અંદાજે ૧૫૦ જેટલી મૂર્તિઓ શ્રધ્ધાળુઓ સ્થાપન માટે લઈ જાય છે.

# રાત્રે વાહનચાલકોનો જીવ બચાવવા રખડતા ઢોરને શિંગડે રેડિયમ પટ્ટીઓ લગાડો

## રખડતા ઢોરની વકરતી સમસ્યા સામે નિંભરતંત્રની ઉદાસીનતાથી શહેરીજનોમાં રોષ : પકડી ના શકો તો રેડિયમ પટ્ટી લગાડી વાહનચાલકોના જીવતો બચાવો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં મુખ્ય માર્ગો પર રખડતા ઢોરની સમસ્યા દિન-પ્રતિદિન વધી જવા પામી છે. રોડ પર જ અડ્ડા જમાવીને બેસી જતા ઢોરના કારણે વાહનચાલકો ત્રાહિમામ પોકારી ગયા છે. તાજેતરમાં કોબા રોડ પર રખડતા ઢોર સાથે અકસ્માત થવાથી એક મહિલા પોતાની જીંદગી ખોઈ બેસી છે અને તેના પતિને પણ ગંભીર ઈજાઓ થવા પામી છે. આમ છતાં તંત્ર જાણે ઘોર નિંદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે. રખડતા ઢોર સામે કોઈ પ્રકારની કાર્યવાહી ના કરાતી હોઈ નાગરિકોમાં રોષની લાગણી પ્રવૃત્તી રહી છે. ખાસ કરીને રાત્રીના સમયે આ ઢોર જીવલેણ સાબિત થઈ રહ્યા છે ત્યારે તંત્રએ જાગવુ અત્યંત જરૂરી જણાય છે.

શહેરમાં રખડતા ઢોરની સમસ્યા અંગે તંત્ર અત્યંત લાચાર જણાય છે. આ પરિસ્થિતિમાં તંત્રએ અગ્રણી નાગરિકોની તથા પશુપાલકોની બેઠક યોજી સૂચનો મેળવી આ સમસ્યાનો ઉકેલ કાઢવો જોઈએ. જો તાત્કાલિક ઢોરને હટાવી શકાય તેમ ન હોય તો વૈકલ્પિક વ્યવસ્થા પણ ઉભી કરવી જોઈએ. વન ચેતના કેન્દ્રના પૂર્વ કર્મચારી રણજીતસિંહ વાઘેલાના મત મુજબ રખડતા ઢોરના શિંગડે રેડિયમ પટ્ટીઓ લગાડી દેવાય તો રાત્રિના સમયે વાહનચાલક તેને આસાનીથી જોઈ શકે જેથી જીવલેણ અકસ્માત ટાળી શકાય. આવા સૂચનો મેળવી તંત્રએ આ સમસ્યાને સત્વરે ઉકેલવા તરફ પ્રયાસો હાથ ધરાય તેવી શહેરીજનોમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

# ગાંધીનગરનું ગૌરવ બનતા ડૉ. તેજલ દલાલ

## ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા હેલ્થ સર્વેમાં અમદાવાદ રીજીયનમાં તેજ આઈ સેન્ટર બીજા ક્રમે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના જાણીતા તેજ આઈ સેન્ટરે ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સેવાના સર્વેમાં સ્થાન મેળવ્યું છે. અમદાવાદ રીજીયનમાં તેજ આઈ સેન્ટરને એપોલો હોસ્પિટલ બાદ બીજુ સ્થાન મળતા ડૉ. તેજલ દલાલ પર અભિનંદનની અપાર વર્ષા થઈ રહી છે.



સ્વાસ્થ્ય અંગેની શ્રેષ્ઠ સેવાઓ માટે જાણીતા ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ગ્રુપ દ્વારા ટાઈમ્સ હેલ્થ સર્વે સમગ્ર દેશમાં હાથ ધરવામાં આવ્યો હતો. બેરીયાટ્રીક્સ, ઓર્થોપેડીક ડાયાબીટોલોજી, સ્કીન એન્ડ ડર્મા, કોસ્મેટીક્સ એન્ડ પ્લાસ્ટીક સર્જરી, ટ્રીકોલોજી, ઓપ્થેલ્મોલોજી અને ડેન્ટીસ્ટ્રીમાં સમગ્ર દેશની શ્રેષ્ઠ કહી શકાય તેવી હોસ્પિટલોમાં પ્રાપ્ત સેવાઓ અને દર્દીઓના પ્રતિભાવોના આધારે જુદી જુદી હોસ્પિટલોને રેન્ક આપવામાં આવ્યા હતા. જેમાં ઓપ્થોલ્મોલોજીમાં અમદાવાદ રીજીયનમાં બીજુ સ્થાન તેજ આઈ સેન્ટરને પ્રાપ્ત થયું છે. તેજ આઈ સેન્ટરના ફાઉન્ડર અને ડાયરેક્ટર ડૉ. તેજલ દલાલ કહે છે કે આંખોની સંભાળ અંગેની પરંપરાગત પદ્ધતિઓના બદલે અમે સતત નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છીએ. સાથે જ અમે અમારા દર્દીઓ પ્રત્યે ફરજનિષ્ઠ છીએ અને હંમેશા તેઓની જરૂરીયાતોનું ધ્યાન રાખીએ છીએ. વિઝન ફોર એવરીવનના મોટો સાથે શરૂ થયેલુ અમારૂ સેવાકીય મિશન આજે અમારા ૫ લાખ જેટલા સંતુષ્ઠ દર્દીઓ સુધી પહોંચ્યું છે.

ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, કલોલ, ચાંદખેડા જેવા વિસ્તારોમાં બ્રાન્ચ ધરાવતુ તેજ આઈ સેન્ટર ગ્રામ્ય વિસ્તારો સુધી તેમની સેવાકીય સુવાસ ફેલાવવાની ઈચ્છા ધરાવે છે. હોસ્પિટલમાં અપાતી સેવાઓ ઉપરાંત તેજ આઈ નામની મોબાઈલ એપ ડાઉનલોડ કરી કોઈપણ વ્યક્તિ આંખને લગતી ફરીયાદો-દર્દોનો ઉકેલ મેળવી શકે છે. આ એપને ખુબ જ સારો સહયોગ પ્રાપ્ત થયો છે.

## ખૂણે ખાંચરેથી...

● આજે મહાત્મા મંદિર ખાતે યોજાયેલ પ્રિ. વાયબ્રન્ટ ખેડૂતોના સેમિનારમાં રાજ્યમંત્રી વઘાસિયા ડાયસ પર બેસી અને મોબાઈલથી ફોટા લેતા અને વિડીયો બનાવતા નજરે પડ્યા હતા.

● પાટણ જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ ભરતભાઈ રાજગોર, પૂર્વ પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુ તથા કચ્છના અગ્રણી માવજીભાઈ સોરઠીયાની કંડલા પોર્ટ ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળમાં નિયુક્તી કરવામાં આવી છે.

● ૧૫મી સપ્ટેમ્બરથી રાજ્યમાં કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા મતદારયાદી સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

● ગાંધીનગર જિલ્લામાં મહિલા, બાળકલ્યાણ સમિતિની મુખ્ય સેવિકાઓ સાથે આજે કલેક્ટર સતીષ પટેલ તથા જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ સમીક્ષા બેઠક યોજી હતી.

● સેક્ટર-૮માંથી એક ડેન્ગ્યુનો કેસ મળી આવેલ છે જે હાલ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

● આજે સવારે જિલ્લા પંચાયત નજીક ચાર રસ્તા પર રખડતા પશુઓ અડ્ડો જમાવીને બેઠા હતા જેને લઈ વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

● ગાંધીનગર કોંગ્રેસ દ્વારા વિધાનસભાની ચૂંટણી માટેની કવાયતે ભારે ચર્ચા જગાવી છે.

● ગાંધીનગરમાંથી પસાર થતા માઈભક્તો માટેના કેટલાક સેવા કેન્દ્રો ગણેશ ચતુર્થીથી કાર્યરત બનશે.

## જેમાઅતે ઈસ્લામી હિંદ દ્વારા શાંતિ અને માનવતા અંગે વક્તવ્ય

ગાંધીનગર, તા. ૨

જમાઅતે ઈસ્લામી હિંદ, ગુજરાત દ્વારા યોજાઈ રહેલા શાંતિ અને માનવતા અભિયાન અંતર્ગત વક્તવ્યનું આયોજન આગામી તા. ૪ સપ્ટેમ્બરનારોજ બપોરે ૩ થી ૫ દરમ્યાન, ઈસ્લામીક કલ્ચરલ સોસાયટી ઓફ ગુજરાત, પોલીસ સ્ટેશન પાસે, સેક્ટર-૨૪ ખાતે કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં સદ્ભાવના ફોરમના કર્મશીલ શ્રી ડંકેશ ઓઝા, શાહિત્યકાર ઉસ્માનખાન, નિવૃત્ત આઈએસ અધિકારી હીરાલાલ વરીયા અને જમાઅતે ઈસ્લામી હિંદ ગુજરાતના પ્રમુખ શકીલ અહેમદ રાજપુત વક્તવ્ય આપશે. સમારંભના અધ્યક્ષસ્થાને જમાઅતે ઈસ્લામી હિંદના ઉપપ્રમુખ સઆદુતુલ્લાહ હુસૈની સૈયદ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સૌને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શ્રેષ્ઠ પ્રશાસન જાગૃતિ અભિયાનનો ૧૧મીથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૨

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેક્ટર-૨૮ દ્વારા યોજાનાર શ્રેષ્ઠ પ્રશાસન જાગૃતિ અભિયાનનો ઉદઘાટન સમારોહ આગામી તા. ૧૧મી સપ્ટેમ્બરના રોજ કડવા પાટીદાર સમાજ ઉમા ભવન, સેક્ટર-૧૨ ખાતે યોજાશે.

આ સમારંભમાં બ્રહ્માકુમારી આશાબેન દ્વારા શ્રેષ્ઠ પ્રશાસન જાગૃતિ અભિયાનનું ઉદઘાટન કરવામાં આવશે અને આ અંગે વકતવ્ય આપવામાં આવશે. રસ ધરાવનારા સૌને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ''બ્લડ બેંક ઓન વ્હોટસ્એપ''માં જોડાવા રક્તદાતાઓને આહ્વાન

## સ્વૈચ્છિક રક્તદાનની ઉમદા પ્રવૃત્તિ કરતા યુવાનોનું આ ગૃપ દરરોજ ૪ થી ૫ દર્દીઓને રક્તદાન પુરૂ પાડે છે : એક વાર રક્તદાન કર્યા પછી ત્રણ માસ સુધી રક્તદાન કરી શકાતુ ના હોવાથી રક્તદાતાઓની અછતનો સામનો કરવો પડી રહ્યો છે

ગાંધીનગરમાં સિવિલ હોસ્પિટલ સહિત તમામ હોસ્પિટલમાં ઈમર્જન્સી સારવાર કે ઓપરેશન માટે દર્દીઓને જરૂર પડતા લોહીના પુરવઠા માટે અનેકવાર મુશ્કેલીઓ સર્જાય છે. માનવરક્ત એ માનવ દેહ સિવાય અન્ય કોઈ જ રીતે પેદા કરી શકાતુ નથી અને તે માત્ર જીવંત વ્યક્તિની સ્વૈચ્છિક તૈયારી તેમજ શારિરિક સજ્જતાના આધારે દાન દ્વારા જ મેળવી શકાતુ હોવાથી મોટેભાગે તેની વારંવાર અછત સર્જાય છે. ગાંધીનગરના કેટલાક સેવાભાવી યુવાનો દ્વારા સોશ્યલ મિડિયાનો સદુપયોગ કરીને ''બ્લડ બેન્ક ઓન વ્હોટ્સએપ ગૃપ'' તૈયાર કરી 'રક્તદાન'ની ઉમદા પ્રવૃત્તિ છેલ્લા કેટલાય સમયથી હાથ ધરાઈ છે. જો કે હાલ આ પ્રસંશનીય પ્રવૃત્તિને પણ રક્તદાતાઓની ખોટ પડી રહી છે. આથી સ્વૈચ્છિક રક્તદાતાઓને આ ગૃપમાં જોડાવા આહ્વાન કરાઈ રહ્યું છે.

### બ્લડબેંક વ્હોટ્સએપ ગૃપમાં જોડાવા આ નંબર પર મેસેજ કરો

૯૯૦૯૮૬૭૯૯૮, ૯૯૭૪૨૯૧૭૪૭, ૯૫૭૪૫૬૭૦૪૧, ૭૪૦૫૭૩૫૭૯૨, ૯૯૯૮૭૪૪૨૧૭. આ ગૃપમાં માત્ર રક્તદાન અંગે જ વાત કરવામાં આવે છે. ગુડ મોર્નિંગ કે ગુડનાઈટ જેવા મેસેજ પણ કરવામાં આવતા નથી. ગૃપમાં જોડાનાર રક્તદાતાએ સ્વૈચ્છિક રીતે રક્તદાન કરવાનું હોય છે.

રક્તદાનની ઉમદા પ્રવૃત્તિ માટે કેન્દ્ર સરકાર દ્વારા પણ પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવી રહ્યું છે. આમ છતાં સમાજમાં રક્તદાન અંગે ફેલાયેલી કેટલીક ગેરસમજોના કારણે રક્તદાન કરવા પ્રત્યે નાગરિકોમાં ઉદાસીનતા જોવા મળે છે. વળી, રક્તદાન કરતા રક્તદાતા માટે પણ કેટલીક મર્યાદાઓ હોય છે જેમાં એકવાર રક્તદાન કર્યા બાદ ત્રણ માસ સુધી ફરી રક્તદાન કરી શકાતુ નથી જેના કારણે પણ રક્તની અછતમાં વધારો થાય છે. ''બ્લડબેંક વ્હોટ્સએપ ગૃપ''ના યુવાનો દ્વારા આ અત્યંત પ્રસંશનીય અને ઉમદા સેવા કાર્ય કરાઈ રહ્યું છે જે અંતર્ગત દરરોજ આશરે ૪ થી ૫ બોટલ રક્તનું દાન કરવામાં આવી રહ્યું છે. આ ગૃપમાં હાલ અઢીસોથી વધુ સ્વૈચ્છિક રક્તદાતાઓ જોડાયેલા છે. પરંતુ આમાંથી મોટાભાગના રક્તદાતાઓને રક્તદાન કરે ત્રણ માસ પુરા થયા ના હોવાથી તેઓ રક્તદાન કરી શકે તેમ નથી. જેના કારણે આ યુવાનો રક્તની માંગને પુરતો ન્યાય આપી શકતા નથી. આ યુવાનો દ્વારા ગાંધીનગર, અમદાવાદ ઉપરાંત તેની આસપાસના સ્થળોએ રક્તદાન કરી અનેક જીંદગીઓ બચાવી છે ત્યારે સમાજમાંથી તેમને જો વધુ સ્વૈચ્છિક રક્તદાતાઓ આ ગૃપમાં જોડાય તો આ ઉમદા અને પવિત્ર પ્રવૃત્તિ દ્વારા તેઓ ભવિષ્યમાં પણ અનેક જીદંગી બચાવી કોઈના લાડકવાયાને, વ્હાલસોયા ભાઈને કે પ્રેમાળ પિતાને બચાવી શકે.

રક્તદાન એ પવિત્ર કાર્ય અને આપણી પવિત્ર ફરજ પણ છે. રક્તદાનથી કોઈ જ પ્રકારની અશક્તિ કે નબળાઈ આવતા નથી કે કોઈ રોગ થતા નથી, ઉલ્ટુ એકવાર રક્તદાન કરવાથી તેમાં રહેલા પ્લાઝમા, પ્લેટલેટ કાઉન્ટ તેમજ હોલબ્લડ થકી ત્રણ વ્યક્તિની જીંદગી બચાવી શકાય છે. જેમાં કોઈકનો લાડકવાયો કે કોઈ બહેનનો ભાઈ પણ હોઈ શકે છે. રક્તદાન કર્યાના માત્ર ૯૦ દિવસમાં ફરી એટલુ રક્ત શરીરમાં બની જાય છે. તેથી યુવાનોએ અચૂક રક્તદાન કરવુ જોઈએ. બ્લડબેંક વ્હોટ્સએપ ગૃપના યુવાનો તેમની ઉમદા પ્રવૃત્તિ થકી અમને સિવિલ હોસ્પિટલમાં અણીના સમયે અનેકવાર મદદરૂપ બન્યા છે. શક્ય હોય તેટલા વધુ યુવાનોએ આ પ્રવૃત્તિમાં જોડાવવું જોઈએ મારી આ યુવાનોને શુભેચ્છા પાઠવું છું.

- ડૉ. કલ્પેશ શાહ, આર.એમ.ઓ., સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર




શહેરમાં ખુલ્લા માર્ગો પર અકસ્માતો રોજબરોજ થાય જ છે. તેમાંય વળી નાની ઉંમરના વિદ્યાર્થીઓ શાળાએ છુટ્યા પછી જે રીતે દ્વિચક્રી વાહનો હંકારે છે તે ખરેખર અતિશય જોખમી છે. બુધવાર બપોરના સુમારે કડી સર્વ વિદ્યાલયની શાળામાં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓના વાહનો વચ્ચે અકસ્માત થયો. એક્ટીવા અને બાઈકની અથડામણમાં કોઈને બહુ મોટી ઈજાઓ થઈ ન હતી. પરંતુ વાહનોને નુકશાન થયુ હતુ. બેમાંથી કોઈ પણ ફરીયાદ કરી શકે તેમ નથી કેમ કે બન્ને 'અંડરએજ' વિદ્યાર્થીઓ છે. આમાં વાંક કોનો ગણવો. વિદ્યાર્થીઓના શાળા સંચાલકોનો કે માતા-પિતાનો જેઓ બાળકોને વિના લાયસન્સે વાહનો હંકારવાની છુટ આપે છે. નજરે જોનાર સૌના મનમાં આવી લાગણી વ્યાપી હતી.